બાયડની ખાનગી શાળામાં ઝીરો તાસના નામે ચાલતા કલાસ પર જિલ્લા શિક્ષણાધિકારીનું ચેકીંગ

મોડાસા, તા.૫

સરકાર દ્વારા શિક્ષણમાં ગુણવત્તા લાવવા અને શિક્ષણમાં નવીનતા લાવવા માટે દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે ધો-૧૦ અને ૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા સી.સી.ટીવી કેમેરાની બાજ નજર હેઠળ લેવાતા પરિણામમાં મોટો ધબડકો થવા પામ્યો છે ત્યારે દર વખતે ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા વાળા સેન્ટર ઉપર સ્કુલમાં ખાનગી ટયુશન કલાસીસ ચલાવતા શિક્ષકો પોતાના ટયુશનમાં આવતા વિદ્યાર્થીઓને કોપી કરાવી અને સારા ગુણ સાથે પાસ કરાવતા હતા પરંતુ આ વખતે સરકાર દ્વારા સી.સી. ટીવી કેમેરાની દેખરેખ હેઠળ કડક રીતે પરીક્ષા લેવામાં આવતા મોટા પરિણામ લાવતી શાળાઓમાં ટકાવારીમાં ધબડકો થવા પામ્યો હતો.

તાજેતરમાં બાયડ તાલુકામાં ચાલતી પ્રાથમિક શિક્ષકોની તાલીમમાં જિલ્લા શિક્ષણાધિકારી અને ઈ. જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી અર્જુનસિંહ ઝાલાએ બાયડ અને ચોઈલાની શાળાઓની ઓચિંતી મુલાકાત લીધી હતી જેમાં એક શાળામાં ઝીરો તાસના નામે ચાલતા કલાસીસ પર નજર પડતાં ત્યાં તપાસ કરી હતી. જેમાં કેટલાક શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૪૦૦૦ માસિક વસુલી ભણાવવામાં આવે છે તેવું પ્રકાશમાં આવ્યું હતું તેમ છતાં જિલ્લા શિક્ષણાધિકારી આ સમગ્ર મામલે મૌન ધારણ કરી રહ્યા છે અને તમામ હકીકત જાણવા છતાં પણ કાર્યવાહી કરવાનું ટાળી રહ્યા છે તેવી ચર્ચાએ જોર પકડયું છે.

૪૫ બોમ્બ બ્લાસ્ટ થઈ શકે તેવું કેમિકલ ભરેલું કન્ટેનર સોનસણ ગામે ફસાતા તંત્ર દોડતું થયું

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામ પાસેથી પસાર થતા એપ્રોચ રોડ પર તા. ૪-૬-૨૦૧૫ના રોજ કોઈક ફેકટરીમાં પહોંચાડવાના કેમીકલ જથ્થો ભરેલું ટેન્કર રોડ નજીકના ખેતરમાં નાળીયામાં ફસાઈ જતા (નાઈટ્રોજન ગેસ) આ વાતની તંત્રને જાણ થતાં જ જિલ્લા તાલુકાનું તંત્ર કેમીકલ નુકશાનીની માત્રા જાણી ચોંકી ઉઠયું હતું અને અડધો દિવસ આખી રાત થઈ છતાં ટેન્કરને બહાર કાઢી શકાયું ન હતું.

સોનાસણ ગામ પાસે નાઈટ્રોજન ગેસ કેમીકલ અંદાજે ૪૫ જેટલા બોમ્બ બ્લાસ્ટ ભયાનક રીતે કરી શકે એટલી તાકાત ધરાવે છે અને આવું ભયાનક કેમકીલ કઈ ફેકટરીમાં પહોંચાડવાનું હશે અને તેનો શો ઉપયોગ કરવાનો હશે તેની તપાસ તંત્ર કરી રહ્યું છે.

સોનાસણ ગામ પાસે જયાં આ ટેન્કર ફસાયું છે ત્યાં તંત્ર વાહકો ઉપરાંત ત્રણ કેન હિંમતનગર, પ્રાંતિજ ફાયર ફાયટરો, પોલીસ સ્ટાફ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો કાફલો ખડે પગે રહેવા પામ્યો હતો. જયારે પ્રાંતિજ કલેકટર ચૌધરી, પ્રાંતિજ પોલિસ સ્ટેશનના પી.આઈ ભરતભાઈ પટેલ પણ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. ટીડીઓ,

મામલતદાર ઓફિસના અધિકારીઓ વગેરે ખડે પગે ઉપસ્થિત રહી આવી પડેલ આફતને ટાળી હતી જયારે તંત્ર દ્વારા પ્રાંતિજ તાલુકામાં ચાલતી ફેકટરીઓમાં પ્રદુષણ તથા આવા કેમીકલ કયાં વપરાઈ રહ્યા છે તેની તપાસ કરવાની ખાસ જરુર છે. (તસવીર : સંજય રાવલ)

ગાંધીનગર આર.આર. સેલની અરવલ્લી જિલ્લા પોલીસને લપડાક

વડાગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી ૫૨,૧૦૦નો વિદેશી દારૂ ઝડપ્યો

વડાગામ, તા.૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી બુધવારે સાંજના ૭ વાગ્યાના સુમારે ગાંધીનગર આર.આર. સેલની ટીમે અરવલ્લી જિલ્લા પોલિસને અંધારામાં રાખી વડાગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ ઘુસાડતા કારચાલકને ઝડપી લઈ ૫૨૧૦૦ રૂ.નો વિદેશી દારુ ઝડપી પાડયો હતો. જે અંગે આર.આર. સેલના જવાન દ્વારા ધનસુરા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ હતી.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ધનસુરા તાલુકાના વડાગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગઈકાલે સાંજના ગાંધીનગરની આર.આર. સેલની ટીમ દ્વારા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં વડાગામના બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી પસાર થતી એસ્ટીમ કાર (જીજે-૧-એચજી ૮૫૦૯)ના ચાલક ભગવાનરામ પદમાજી ચૌધરી (રહે. કમલેશપાર્ક સોસાયટી, ઓઢવ અમદાવાદ) મૂળ રહે. રાજસ્થાનને અટકાવી કારની તલાશી લેતાં કારના બોનેટના ભાગમાં ગુપ્ત ખાના બનાવી વગર પાસ પરમીટે ગેરકાયદેસર વિદેશી દારૂની બોટલો ૧૦૧ નંગ તથા બીયરના ટીન નંગ-૭૨ મળી કુલ ૧૭૩ બોટલો ટીનની કિંમત રૂ. ૫૨૧૦૦નો વિદેશી દારૂ છુપાવીને રાખેલો જથ્થો ઝડપી પાડયો હતો. તેમજ એસ્ટીમકારની કિંમત ૧ લાખ રૂ. મોબાઈલ કિંમત ૫૦૦ રૂ. અને રોકડા ૭૩૦૦ મળી કુલ ૧૫૯૯૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી તેમજ ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરવામાં મદદગારી કરનાર છોટુસિંહ શિવસિંહ બાડા (રહે. રાજમલ, રાજસ્થાન) વિરૂદ્ધ ધનસુરા પોલિસ સ્ટેશનમાં પ્રોહિબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરી ભગવાનરામ પદમાજી ચૌધરીને ઝડપી લઈ જેલના હવાલે કર્યો હતો. જયારે ફરાર આરોપી છોટુસિંહ બાડાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. અરવલ્લી જિલ્લા પોલિસની હદમાંથી ગાંધીનગરથી આવેલી આર.આર.સેલના જવાનોએ વિદેશી દારૂ ઝડપી પાડતાં અરવલ્લી જિલ્લા પોલિસની કામગીરીના લીરેલીરા ઉડાડી દીધા હતા તેમજ ધનસુરા પંથકમાં અરવલ્લી જિલ્લા પોલિસની નબળી કામગીરી અંગે પ્રજાજનોમાં અનેક પ્રશ્નો ઉદભવ્યા છે.

રતનપુર ચેકપોસ્ટથી ટેન્કરમાં છુપાવેલ ૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

શામળાજી, તા. ૫

નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર. ટી. ઉદાવત અને તેમની ટીમે બપોરે ૩ વાગ્યાની આસપાસ ટેન્કરની આડમાં છુપાવીને લવાતો વિદેશી દારૂનો જથ્થો ૮૦૦૪૦૦ રૂ.નો ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસના સઘન પેટ્રોલીંગથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

ભીલોડા તાલુકાના શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત અને તેમના સ્ટાફ દ્વારા આજે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ પાસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતુ. ત્યારે બપોરના ૩ વાગ્યાની આજુબાજુ રાજસ્થાન તરફથી આવી રહેલી ટેન્કર (ગાડી નં. જીજે-૨૭૧૭૦૫)ને શંકાના આધારે અટકાવી ટેન્કરની અંદર સઘન તપાસ હાથ ધરતાં ટેન્કરની અંદરથી વગર પાસ પરમીટનો વિદેશી દારૂની તથા બિયરની જુદી જુદી કંપનીઓની પેટીઓ નંગ ૨૫૩ મળી કુલ બોટલ-બીયર નંગ-૪૧૪૦ ઝડપી પાડી હતી. જેની કિંમત ૮૦૦૪૦૦ રૂ. થવા જાય છે અને ટેન્કર ચાલક જગદીશ દેવારામ વિષ્ણોઈ (રહે. ભાટીય, જી. જાલોર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. જ્યારે ગેરકાયદેસર વગર પાસ પરમીટ વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં મદદગારી કરનાર કાલુરામ વિષ્ણોઈ (રહે. સાંચોર,રાજસ્થાન) ઝડપી પાડવા ચક્રો ગતિમામ કર્યા છે. જેમાં ટેન્કરની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કિં. રૂ. ૫૦૦ તથા આરોપી પાસેથી મળી આવેલી રોકડ રકમ રૂ. ૧૧૦૦ મળી કુલ મુદ્દામાલ રૂ. ૧૮,૦૨,૦૦૦ મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસને ટેન્કરમાં છુપાવીને બુટલેગરો દ્વારા ગુજરાતમાં ઘુસાડવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.ટી. ઉદાવતે કુનેહપૂર્વક ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શામળાજી પોલીસે વગર પાસ પરમિટનો ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી કરવાના ગુન્હામાં પ્રોહીબેશન એક્ટ હેઠળ એક આરોપીને ઝડપી પાડી જેલના હવાલે કરી દીધો હતો. જ્યારે અન્ય આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

વેસ્ટર્ન રેલવેના એડીઆરએમ મોડાસાની મુલાકાતે

યાત્રિકોને સુવિધા આપવા અને મોડાસા-નડિયાદ રેલવેના ૪૩ ફાટકો પર ગેટ મિત્રો ગોઠવાશે

મોડાસા, તા. ૪

કેન્દ્ર રેલ મંત્રાલય દ્વારા રેલવે યાત્રિક પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે પશ્ચિમ રેલવેના વડોદરા સ્થિત કચેરીના એ.ડી.આર.એમ. હેમંતકુમારે બુધવારે મોડાસાની મુલાકાત લીધી હતી. અને યાત્રિકો, ઉપભોક્તાઓ, જનતાના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

જેમાં મોડાસા-નડિયાદ રેલ લાઈનને લગતા પ્રશ્નોની રજુઆત કરાતાં તે અંગે હકારાત્મક વલણની ખાત્રી આપી હતી.

મોડાસા-નડિયાદ રેલવેના રેલલાઈન પર ૭૫ રેલ ફાટકો પૈકી હાલ ૫૫ રેલ ફાટક માનવ રહિત છે. ગેટ ઉપર ફાટકમેનના અભાવે ટ્રેન વધુ સમય લેતી હોઈ રેલવે ૪૩ ફાટકો ઉપર ગેટમીત્ર અને ૧૨ ફાટકો પર ગેટમેન મુકવામાં આવશે. રેલવે વિભાગ દ્વારા ૧૦ ફાટકો ઉપર અન્ડરબ્રિજ બનાવાવની દરખાસ્ત રજૂ કરાઈ છે. પરંતિ જિલ્લા કલેક્ટર દ્વારા જરૂરી એનએની મંજુરી નહિ મળતાં કામ અટકી ગયું છે. તેમ વડોદરા ડિવિઝનની એડીઆરએમ હેમંતકુમારે જણાવ્યું હતું. તેમજ રેલવે વિભાગ દ્વારા રેલવે સ્ટેશનો પર હેલ્થ કેમ્પ, આયુર્વેદ કેમ્પ, યોગાના કેમ્પોનું આયોજન કરવામાં આવનાર છે.

વેસ્ટર્ન રેવેના અધિકારી હેમંતકુમારના જણાવ્યા મુજબ ઉદેપુરથી અમદાવાદ રેલ લાઈનના ગેજ પરિવર્તન માટે રૂ. ૧૨૦૦ કરોડનો પ્રોજેક્ટ મંજુર કરાયો છે. હાલ આ યોજના પેટે માત્ર રૂ. ૧૫૦ કરોડ ફળવાયા છે. આ મીટરગેટ લાઈનને બ્રોડગેજમાં પરિવર્તન કરાયા બાદ રેલવે બોર્ડની એપ્રુવલ મળેથી મોડાસા-શામળાજી રેલલાઈનની કામગીરી હાથ ધરાશે.

મોડાસા રેલ પેસેન્જર એસોના મંત્રી કિશોરભાઈ ભાવસારે મોડાસા રેલવે સ્ટેશનને લગતા રોડ, લાઈટ, પ્લેટફોર્મ સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા. જે અંગે યોગ્ય કાર્યવાહિ કરવા અધિકારીઓએ હૈયાધારણ આપી હતી.

અરવલ્લી જિલ્લામાં ભાજપનું અધિવેશન યોજાયું

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં જિલ્લા ભાજપ સંગઠનની બેઠક મળી હતી. જેમાં પાટણ જિલ્લાના ભાજપના પ્રમુખ અને સાબરકાંઠા જિલ્લાના પૂર્વ પ્રભારી અને કુશળ સંગઠક કે.સી. પટેલની ભાજપના મહામંત્રી તરીકે વરણી કરાતા એમના સન્માનમાં જિલ્લા લેવલનો ભાજપનો કાર્યક્રમ યોજાયો હતો.

મોડાસાના ચાર રસ્તા ઉપર આવેલ નગરપાલિકા ટાઉન હોલ ખાતે ભાજપના જિલ્લાની બેઠક મળી હતી. જેમાં જિલ્લાના ૫૦૦૦ હજારથી વધુ કાર્યકરો ઉમટી પડયા હતા અને આ બેઠકમાં ભાજપના અગ્રણીઓ હાજર રહ્યા હતા જેવા કે સાબરકાંઠા, અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ અરવલ્લી જિલ્લાના પ્રમુખ ભરતસિંહ રહેવર નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ જિલ્લા પંચાયતના નવીન વરણી થયેલ પ્રમુખ નેહાબેન પટેલ અને મહામંત્રી તરીકે વરણી થયેલ કે.સી. પટેલ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા સંગઠને મોટી જહેમત ઉઠાવી હતી અને આવેલ મહેમાનોને રાજસ્થાની પાઘડી અને ફુલહાર પહેરાવી મોમેન્ટો આપી હાર્દિક સ્વાગત કર્યું હતું.

દાંતીવાડાના મોટી ભાખર ગામમાં મહિલાની જમીન તકરારે ઘાતકી હત્યા

ડીસા, તા. ૫

ડીસા નજીક વાસડા-ચંદાજી ગોળીયા ગામ જતા માર્ગ પર એક બીન વારસી જીપમાં ડીસા તાલુકા પોલીસને એક મહિલાની હત્યા કરાયેલી મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ હતી અને તપાસ હાથ ધરતા આ મહિલાની જમીન તકરારે તેનાજ જેઠ અને અન્યોએ ઘાતકી હત્યા કરી હોવાની હકીકત બહાર આવી હતી. જેથી ડીસા તાલુકા પોલીસે હત્યારા ઈસમો વિરૂદ્ધ ખૂનનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ચકચારી ક્રાઈમની વિગતો જોઈએ તો ડીસા નજીક મોટીભાખર ગામે રહેતા રજુસિંહ ઠાકોરની સાથે સમરતબા ઠાકોરના લગ્ન થયા હતા, જો કે દસ વર્ષ પહેલા રજુસિંહ ઠાકોરનું મરણ થતા વિધવા બનેલ સમરતબા ઠાકોર પર પાંચ દીકરી અને એક દીકરાના ભરણ-પોષણની જવાબદારી આવેલ. જો કે પતિના મોત બાદ તેમના મોટાભાઈ અંદરસિંહ અને તેમના દીકરા આ વિદવાભાઈ પાસેથી યેનકેન પ્રકારે જમીન હડપવા કજીયો તકરાર કરતા જમીનનો ટુકડો હોઈ તે આ જમીનમાં ખેતી કરી પેટીયું રળતી હતી. જેથી

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સમરતબા ઠાકોર વચમાં નડતી હોઈ તેનો કાંટો કાઢવા ગત મોડી રાત્રે આરોપી એવા અંદરસિંહ ચંદનસિંહ ઠાકોર સામતસિંહ તેમજ અન્ય ઈસમો ઠાકોર રહે. મોટી ભાખર ઠાકોર પર તુટી પડ્યા હતા. પોતાની માતાને મારમાંથી છોડાવવા વચ્ચે પડેલા માસુમ બાળકોને પણ આરોપીઓએ માર્યા હતા અને સમરતબા ઠાકોરની હત્યા કરી એક જીપમાં મૃતદેહને સગેવગે કરવા રવાના થયા હતા. જો કે રાત્રી સમયે પેટ્રોલિંગ કરતી પોલીસ જીપ જોઈ આ આરોપીઓ જીપ અને મૃતદેહ મુકી ભાગી ગયા હતા. જેમાં ડીસા તાલુકા પોલીસે તે બાદ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને ડીસાની સરકારી હોસ્પિટલમાં મૃત મહિલનો મૃતદેહને પી.એમ. અર્થે ખસેડી હત્યારા ઈસમો વિરૂદ્ધ ખૂનનો ગુનો દાખલ કર્યો હતો અને આ મામલે ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર રઘુવરસિંહ ભદોરિયા અને ટીમે વધુ તપાસ હાથ ધરેલ છે.

આમ, જમીનનાં એક ટુકડાની લાયમાં સગા જેઠ અને અન્યોએ છ સંતાનોની માતા એવી ગરીબ વિધવા મહિલાની હત્યા કરતા તેની પાંચ દીકરી અને એક માસુમ દીકરો અનાથ બનેલ છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરી અટકાવવા જિલ્લા પોલિસ વડા ચિરાગ કોરડીયાની સુચનાના આધારે એસ.ઓ.જી. પોલીસે જિલ્લાભરમાં સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. દરમિયાન એસ.ઓ.જી.પી.આઈ. એમ.બી. વ્યાસ અને પી.એસ.આઈ. એમ.ડી. ચંપાવત પોતાની ટીમ સાથે થરાદમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગેરકાયદેસર અફીણ ના વેપારીની બાતમી મળી હતી જે બાતમીના આધારે ટીમે થરાદ તાલુકાના પિલુડા ગામે ખેતરમાં દરોડો પાડયો હતો અને અફીણનો કાળો કારોબાર ચલાવતા ઈસમ વશરામ ઉર્ફે વથા મશરૂ રબારીને ઝડપી પાડયો હતો. પોલીસે ૬૭૫ ગ્રામ અફીણનો જથ્થો કિંમત રૂ. ૬૭,૫૦૦, રોકડ રકમ રૂ. ૫૨૩૦ મળી કુલ રૂ. ૭૨,૮૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી જેલ હવાલે કર્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦